| GJVD020113802014 | **ફોજદારી કેસ નંબર : 8225–2014** |
|---|---|

## –: આંક–૧ લગત હુકમ :–

**૧.** આ કામે આરોપી સામે ફરીયાદ દાખલ થતા, તપાસના અંતે ચાર્જશીટ રજુ કરવામાં આવતા, આરોપી વિરુધ્ધ પ્રોસેસનો હુકમ કરવામાં આવેલ જે વગર બજયે પરત આવેલ છે. આરોપી મળી આવતા નથી.

**૨.** ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીએ પરીપત્ર ધ્વારા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે. આ તબકકે ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ : ૨૫૮ વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

**કલમ :– ૨૫૮, કેટલાંક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા.**

**ફરિયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયનાં કોઈ **સમન્સ–કેસ**માં પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટની પુર્વમંજુરી થી અન્ય કોઈ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને **કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મુકત કરવામાં આવે, તેવી અસર થશે.

૩. આમ, આ કલમ વંચાણે લેતાં, સ્પષ્ટ છે કે, ફરિયાદ પરથી દાખલ થયેલાં હોય, તે સિવાયનાં કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છૂટકારાથી બિન–તહોમત મુકત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્યસાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુકત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુકત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૩૦૦ (૧) અને (૫) નો બાધ આવશે નહિ. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રિવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

૪. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ઘ્યાને લેતાં સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરિયાદ કલમ–૨(ઘ) પર થી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતાં આરોપીને પ્રોસેસ કરતા આરોપી જણાવેલ સરનામે મળી ન આવતા હોય કે નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ જણાતુ ન હોય કેસનું ભારણ બીનજરુરી રીતે કોર્ટને કહેતુ હોય, પ્રોસેસ વગરબજે પરત આવેલ છે. એવા સંજોગોમા હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

- હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ બંધ રાખી, આરોપીને છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.
- મુદ્દામાલ રોકડ રકમ જપ્ત કરી,અપીલ સમય બાદ સરકાર ખાતે જમા કરવી.
- પોલીસે કબજે કરેલ મુદ્દામાલ અંગે જો અગાઉ હુકમ કરી વચગાળાની કસ્ટડી તેના અરજદારને સોંપવામા આવી હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઈ હુકમ ન થયો હોય તો મુદ્દામાલ તેના રજીસ્ર્ટડ માલીકને ઓળખની ખાત્રી કરી પરત આપવું.
- બીનકીંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.
- જો આરોપીની રોકડ જામીનગીરી જમા હોય તો અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવી.

હુકમ આજ રોજ સ્પેશીયલ સીટીંગમાં મારી સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૯/૨૦૨૩.
સ્થળ : વડોદરા.

(જય એસ. ત્રિવેદી)
૧૧ માં, જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વડોદરા.
જી.જે. ૦૧૭૦૨